# Std 9 Gujarati Textbook Solutions Chapter 5 તું તારા દિલનો દીવો

**Class 9 Gujarati Textbook Solutions Chapter 5 તું તારા દિલનો દીવો Textbook Questions and Answers**

**સ્વાધ્યાય**

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

**પ્રશ્ન 1. આત્માના દીવા પાસે કોનું તેજ પરાયું લાગે છે?**

(A) સૂર્ય, ચંદ્ર, તારા

(B) દીવો, સૂર્ય, ગ્રહો

(C) અગ્નિ, તારા, ગ્રહો

(D) સૂર્ય, દીવો, ગ્રહો

ઉત્તર :

(A) સૂર્ય, ચંદ્ર, તારા

**પ્રશ્ન 2. 'દિલનો દીવો' કાવ્યમાં 'કોડિયું તારું કાચી માટીનું' એટલે ?**

(A) કોડિયું ગારાનું બનેલું નથી.

(B) માણસના શરીરની વાત છે.

(C) દિવાળીના કોડિયાની વાત છે.

(D) માત્ર કાચી માટીની જ વાત છે.

ઉત્તર :

(B) માણસના શરીરની વાત છે.

**પ્રશ્ન 3. આ કાવ્યમાં કવિ કયો સંદેશ આપે છે?**

(A) પોતાના દિલનો જ દીવો થવાનું કહે છે.

(B) બીજાના દિલનો દીવો થવાનું કહે છે.

(C) કોડિયાનો દીવો થવાનું કહે છે.

(D) દિવાળીના દીવાની વાત કરે છે.

ઉત્તર :

(A) પોતાના દિલનો જ દીવો થવાનું કહે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. પારકાં તેજ અને છાયા ઉછીનાં લેવાની કવિ કેમ ના પાડે છે?**

ઉત્તરઃ

પારકાં તેજ અને છાયા ખૂટી જાય છે અને માત્ર તેના પડછાયા જ રહી જાય છે. તેથી કવિ પારકાં તેજ અને છાયા ઉછીનાં લેવાની ના પાડે છે.

**પ્રશ્ન 2. કવિ આત્માનો દીવો પ્રગટાવવાની વાત કેમ કરે છે?**

ઉત્તરઃ

આત્માનો દીવો એટલે આત્મશક્તિ. વ્યક્તિ આત્મશક્તિ વડે જ આગળ વધી શકે છે. તેથી કવિ આત્માનો દીવો પ્રગટાવવાની વાત કરે છે.

## 3. નીચેના પ્રશ્નનો છ-સાત વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. માણસમાં રહેલી અસીમ શક્યતાઓને કાવ્યના આધારે વ્યક્ત કરો.**

ઉત્તરઃ

માણસમાં અસીમ શક્તિ રહેલી છે. તે તેની ભીતર રહેલી શક્તિઓના બળે જ આગળ વધી શકે છે. તેની ભીતર રહેલી શક્તિઓ જ સાચો પ્રકાશ પાથરી શકે છે. એટલે માણસે પોતાના દિલનો દીવો થવાની જરૂર છે. પારકી મદદ તેને બહુ ઉપયોગી નીવડતી નથી. આથી દરેકે પોતાની ભીતરની શક્તિઓને ઓળખીને તેના બળે જ આગળ વધવું જોઈએ. આભમાં ભલે સૂરજ-ચંદ્રનું ભરપૂર તેજ હોય; પરંતુ જ્યાં સુધી આપણે આપણું તેજ પ્રગટાવીશું નહિ ત્યાં સુધી તે આપણા ખપનું નથી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in